Paper Code – 3003

B. Com Semester-I (Old Course)
July-Septermber-2021
Accountancy

કુલ સમય :– : ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. માલનું વેચાણ કરવા માટે આડતિયાને મોકલેલ માલ અંગે નીચે દર્શાવેલ વિધાનો પૈકી કયું વિધાન ખરૂં છે ?
   A. માલધણી અને આડતિયા વચ્ચે માલના વેચાણનો કરાર થાય છે.
   B. માલધણી અને આડતિયા વચ્ચે વેપારી-ગ્રાહકનો સબંધ છે.
   C. માલધણી અને આડતિયા વચ્ચેનો સબંધ માલિક અને એજન્ટ તરીકેનો નથી.
   D. માલનું વેચાણ ન થાય તો તે માલ પરત કરવાનો આડતીયાને હક છે.
2. આડતિયાને આસામી આડત ચુકવવામાં આવતી હોય તો જો ધાલખાધ પડે તો આડતિયો :
   A. માલધણી ખાતું ઉધારસે **B.** દેવાદારોનું ખાતું ઉધારસે **C.** આડત ખાતું ઉધારસે **D.** માલધણી ખાતું જમા કરશે
3. આડતમાલ ખાતું તૈયાર કરતી વખતે આખર સ્ટોકની બઝાર કીમત પણ આપવામાં આવે તો :
   A. આખરસ્ટોક મૂળકીમતે ગણવો **B.** આખરસ્ટોક બઝારકીમતે ગણવો
   C. આખરસ્ટોક, મૂળકીમત કે બઝારકીમત પૈકી ઓછી હોય તે કીમતે ગણવો
   D. આખરસ્ટોક, મૂળકીમત કે બઝારકીમત પૈકી વધુ હોય તે કીમતે ગણવો
4. આડતમાલના હિસાબોમાં ઉદભવતું અસામાન્ય નુકસાન ક્યા ખાતે ઉધારાય છે?
   A. આડતિયાખાતે **B.** આડતમાલ ખાતે **C.** નફાનુકસાન ખાતે **D.**માલધણી ખાતે
5. આડતથી માલ વેચવા માટે મોકલેલ હોય, ત્યારે તે માલની રકમ માલધણીના ચોપડામાં ક્યા ખાતે ઉધારાય છે?
   A. આડતિયા ખાતે **B.** આડતમાલ ખાતે **C.** આડતથી વેચવા મોક્લેલ માલ ખાતે **D.** વેચાણ ખાતે
6. આડતનાં ધંધામાં રૂ. ૩૫૦૦૦ની કિમતનું અસામાન્ય નુકસાન થયું, જેનો વીમા કંપનીએ ૪૦% રકમનો દાવો મંજુર કરેલ છે. આડતમાલ ખાતે કેટલી રકમ જમા થશે?
   A. રૂ. ૧૪૦૦૦ **B.** રૂ. ૨૧૦૦૦ **C.** રૂ. ૧૭૫૦૦ **D.** રૂ. ૩૫૦૦૦
7. શાખાખાતું એ .....
   A. વ્યક્તિગત ખાતું **B.** માલમિલકત નું ખાતું **C.** ઉપજ –ખર્ચનું ખાતું **D.** કઈ નહિ
8. સ્ટોક અને દેવાદાર પદ્ધતિ મુજબ શાખા ખાતું .....
   A. વ્યક્તિગતપ્રકારનું ખાતું **B.** ઉપજ –ખર્ચ પ્રકારનું ખાતું **C.** માલમિલકત પ્રકારનું ખાતું **D.**સંયુક્ત ખાતું
9. શાખાએ ચૂકવેલ પરચુરણ ખર્ચની રકમ શોધવા માટે નીચેનું ખાતું બનાવવું પડે છે :
   A. દેવાદારોનું ખાતું **B.** લેણદારોનું ખાતું **C.** પેટા રોકડનું ખાતું **D.** કમ્પ્યુટરનું ખાતું
10. સ્વતંત્ર શાખા માટે મુખ્ય ઓફિસનું ખાતું એ ..... છે.
    A. નફાનુકસાન ખાતા જેવું છે **B.** મૂડી ખાતા જેવું છે **C.** માલમિલકત ખાતા જેવું છે **D.**ઉપજ – ખર્ચ ખાતા જેવું છે
11. ૧૧. મુખ્ય ઓફીસે મોકલેલ પણ શાખાને હિસાબી વર્ષ પૂરૂં થતા સુધીમાં નહિ મળેલ માલને શું કહેવાય?
    A. માર્ગસ્થ રોકડ **B.** માર્ગસ્થ માલ **C. A** અને **B** બંને **D.** આમાંથી એક પણ નહિ
12. રાશના ધંધા માટે નીચેની પ્રવુતિ અનુકુળ છે :
    A. નદી પરના પુલનું બાંધકામ **B.** કાપડની દુકાન **C.** દવાની દુકાન **D.** એસીસી સિમેન્ટની એજન્સી
13. રાશના ધંધામાં વેચાણ બદલ રૂ. ૩૦૦૦૦૦નાં ડીબેન્ચર મળ્યા અને તે રૂ. ૩૭૫૦૦૦મા વેચી દીધા, તો રાશ ખાતાની જમા બાજુ કેટલી રકમ નોધાશે ?
    A. રૂ. ૩૭૫૦૦૦ **B.** રૂ. ૩૦૦૦૦૦ **C.** રૂ. ૭૫૦૦૦ **D.** રૂ. ૬૭૫૦૦૦
14. રાશ ખાતું કોના જેવું જેવું છે?
    A. ફક્ત વેપાર ખાતા જેવું **B.** ફક્ત નફા-નુકસાન ખાતા જેવું
    C. વેપાર અને નફાનુકસાન ખાતાના મિશ્રણ જેવું **D.** ફક્ત પાકા – સરવૈયા જેવું
15. રાશના ધંધામાં થયેલ અસામાન્ય નુકસાન નીચેના ખાતે ઉધાર થાય .....
    A.રાશ ખાતે **B.** વીમા કંપની ખાતે **C.** સામાન્ય નફાનુકસાન ખાતે **D.** કોઈ ખાતે નહિ
16. **A** અને **B** બંને ભાગીદારો રાશના ધંધામાં જોડાયા. **A** રૂ. ૬૦૦૦૦ **B** ને આપે છે. તો તે **A** ના ચોપડામાં ક્યા ખાતે નોધાશે?
    A. રાશ ખાતે **B. B** ખાતે **C.** ખર્ચ ખાતે **D.**એક પણ નહિ
17. નીચેનામાંથી કયું ખાતું બનાવવા દ્વીનોધી પદ્ધતિનો ઉપયોગ થતો નથી?
    A. રાશ ખાતું **B.** કાચું રાશ ખાતું **C.** સંયુક્ત બેંક ખાતું **D.** એક પણ નહિ
18. રાશના ધંધામાં જયારે ગ્રાહકને માલ બક્ષીસ તરીકે આપવામાં આવે ત્યારે કયું ખાતું ઉધારવામાં આવે છે?
    A. બક્ષીસ ખાતું **B.** રાશ ખાતું **C.** નફા–નુકસાન ખાતું **D.** એક પણ નહિ
19. નીચેનામાંથી ક્યા ધંધામાં રાશનો વેપાર કરી શકાય?
    A.વર્તમાનપત્ર **B.** લોક્મેળામાં ફાસ્ટફૂડનો સ્ટોલ કરવો **C.**ઓઇલ રિફાયનરી **D.** એક પણ નહિ
20. ટેલીમાં ૭.૨માં નીચેના અહેવાલ મળતા ન હતા :
    A. પાકું સરવૈયું **B. GST Report** **C. VAT Report** **D.** એક પણ નહિ
21. ટેલીમાં આમનોધ માટેની કી કઈ છે?
    A. F5 **B. F7** **C. F6** **D.F8**
22. ટેલીના હિસોબામાં જો રોકડની ચુકવણીની આમનોધ કરવી હોય તો કઈ કી વપરાય છે?
    A. F7 **B. F6** **C. F8** **D. F5**
23. **B/S** અને **P & L** ની વિગતવાર માહિતી માટે કઈ કી પ્રેસ કરવી?
    A. F11 **B. Ctrl +F2** **C. Alt + F1** **D. F12**
24. આજ સુધી ટેલીના નીચેના સ્વરૂપો બઝારમાં મુકાયા છે :
    A. ૫.૪, ૬.૩, ૭.૨, ૯, ઈઆરપી ૯ **B.** ૫૪૦,૬૧૧, ૭૨૩ **C. A1, B2, C3** **D.**એક પણ નહિ
25. ટેલીના હિસાબોમાં તારીખ બદલવા કઈ કી દબાવવી પડે છે?
    A. F5 **B. F7** **C. F4** **D. F2**

26. આસામી આડત :.....
A. કુલ વેચાણ પર ગણાય **B.** ફક્ત ઉધાર વેચાણ પર ગણાય
C. ફક્ત રોકડ વેચાણ પર ગણાય **D.** મોકલેલ કુલ માલ પર ગણાય

27. આડતનાં ધંધામાં રૂ. ૪૦૦૦૦ની કિમતનું અસામાન્ય નુકસાન થયું, જેનો વીમા કંપનીએ ૬૦% રકમનો દાવો મંજુર કરેલ છે. નુકસાન પામેલ માલ અંગેનું નુકસાન :.....
A. રૂ. ૪૦૦૦૦ **B.** રૂ. ૨૦૦૦૦ **C.** કઈ નહિ **D.** રૂ. ૧૬૦૦૦

28. આડત માલના ધંધામાં થયેલ અસામાન્ય નુકસાન .....થાય.
A. આડત ખાતે ઉધાર **B.** વીમા કંપની ખાતે જમા **C.** નફાનુકસાન ખાતે જમા **D.** આડતમાલ ખાતે જમા

29. જો માલ ભરતિયાકીમતે મોક્લેલ હોય તો આડતમાલનાં આખરસ્ટોકમાં રહેલ નફાની અસર ..... થાય.
A. આડતમાલ સ્ટોક અનામત ખાતે ઉધાર **B.** આડતમાલ સ્ટોક અનામત ખાતે જમા
C. આડતમાલ ખાતે જમા **D.** નફાનુકસાન ખાતે જમા

30. આડતમાલ આખર સ્ટોક પર જરૂરી મરામત ખર્ચ .....થાય.
A. આડતમાલ ખાતે ઉધાર **B.** આડતમાલ સ્ટોક ખાતે ઉધાર
C. મરામત ખર્ચ ખાતે ઉધાર **D.** આખર સ્ટોકની કીમતમાંથી બાદ

31. શાખાએ કરેલ ઉધાર વેચાણ શોધવા કયું ખાતું તૈયાર કરવામાં આવે છે?
A. દેવાદારોનું ખાતું **B.** લેણદારોનું ખાતું **C.** સ્ટોક ખાતું **D.** પેટા રોકડ ખાતું

32. મુખ્ય ઓફીસ માલની ભરતીયાકીમત પર ૨૦% નફો ચઢાવીને શાખાને માલ મોકલે છે. તેથી મૂળકીમત પર નફાના ટકા..... થશે.
A. ૧૫% **B.** ૨૦% **C.** ૨૫% **D.** ૩૦%

33. દેવાદાર પદ્ધતિમાં શાખા ખાતું એ .....છે.
A. વ્યક્તિ ખાતું **B.** માલ-મિલકત ખાતું **C.** ઉપજ ખર્ચ ખાતું **D.** પત્રક

34. જયારે મુખ્ય ઓફીસ શાખાની મિલકતોનું ખાતું રાખતી હોય, ત્યારે તે મિલકતો પર ઘસારાની રકમ મુખ્ય ઓફીસના ચોપડે .....થાય છે.
A. મુખ્ય ઓફીસ ખાતે ઉધાર **B.** નફા-નુકસાન ખાતે ઉધાર **C.** શાખા ખાતે જમા **D.** નફા-નુકસાન ખાતે જમા

35. સ્વતંત્ર શાખા માટે મુખ્ય ઓફીસ ખાતું એ.....છે.
A. વેપારી દેવાદાર **B.** વેપારી લેણદાર **C.** મૂડી **D.** રોકાણો

36. નીચેનામાંથી કઈ શાખા પોતાના અલગ વાર્ષિક હિસાબો બનાવે છે?
A. પરતંત્ર શાખા **B.** સ્વતંત્ર શાખા **C.** વિદેશી શાખા **D.** તમામ

37. સ્વતંત્ર શાખાનાં ચોપડે માર્ગસ્થ રોકડની અસર .....થાય છે.
A. મુખ્ય ઓફીસ ખાતે ઉધાર **B.** મુખ્ય ઓફીસ ખાતે જમા **C.** રોકડ ખાતે જમા **D.** વેપાર ખાતે ઉધાર

38. કાચા રાશ ખાતાની બાકી .....સૂચવે છે.
A. ભાગીદારને ચૂકવવાપાત્ર રકમ **B.** નફો-નુકસાન **C.** આખર સ્ટોક **D.** બાકી આગળ લઈ જવાની રકમ

39. રાશના ધંધા માટે કયો કાયદો લાગુ પડે છે?
A. ૧૯૫૬નો કંપનીધારો **B.** કોઈ ખાસ કાયદો નથી **C.** ૧૯૩૨નો ભાગીદારી કાયદો **D.** સહકારી મંડળીનો કાયદો

40. 'અ' અને 'બ' બંને ભાગીદારો રાશના ધંધામાં જોડાયા. 'બ' એ 'અ'ને રૂ. ૪૫૦૦૦ રોકડા આપ્યા. તો તે 'બ' ના ચોપડામાં ક્યા ખાતે નોધાશે?
A. નોધાશે નહિ **B.** ખર્ચ ખાતે **C.** રાશ ખાતે **D.** 'અ' ખાતે

41. રાશના ધંધામાં વેચાણ બદલ રૂ. ૬૦૦૦૦૦નાં ડીબેન્ચર મળ્યા અને તે રૂ. ૪૭૫૦૦૦મા વેચી દીધા, તો રાશ ખાતાની ઉધાર બાજુ કેટલી રકમ નોધાસે ?
A. રૂ. ૬૦૦૦૦૦ **B.** રૂ. ૪૭૫૦૦૦ **C.** રૂ. ૧૨૫૦૦૦ **D.** રૂ. ૧૭૫૦૦૦

42. જયારે રાશના ધંધામાં સ્વતંત્ર હિસાબી ચોપડા રાખવામાં આવતા હોય ત્યારે રાશ માટે ચૂકવાયેલ ખર્ચ.....
A. સંયુક્ત બેંક ખાતે જમા થાય છે. **B.** ખર્ચ ખાતે જમા થાય છે **C.** ચૂકવનાર ભાગીદાર ખાતે ઉધાર થાય છે **D.** રાશ ખાતે જમા થાય છે

43. ઇલેક્ટ્રોનિક વસ્તુઓના વેચાણના સંયુક્ત સાહસમાં,જો એક વસ્તુ ગ્રાહકને ભેટ આપવામાં આવે તો નીચેનું કયું ખાતું ઉધાર થશે?
A. સંયુક્ત સાહસ ખાતું **B.** ન.નું. ખાતું **C.** અસામાન્ય ન.નું.ખાતું **D.** એક પણ ખાતું નહિ

44. રાશના હિસાબોમાં માલનું સામાન્ય નુકસાન ક્યા ખાતે ઉધારાય?
A. સામાન્ય નફા –નુકસાન ખાતે **B.** રાશ ખાતે **C.** એક પણ ખાતે ઉધારાય નહિ **D.** ઉપરનામાંથી એક પણ નહિ

45. નીચેનામાંથી કયો CPUનો ભાગ છે?
A. કી –બોર્ડ **B.** નિર્ગમ એકમ **C.** નિયંત્રણ એકમ **D.** એક પણ નહિ

46. ટેલીના બધા વ્યવહારોની નોધ થઈ ગયા પછી નીચેનું પત્રક બનાવવું પડે :
A. Trial Balance **B. Profit & Loss A/c** **C. Balance Sheet** **D.** ઉપરનામાથી એક પણ નહિ

47. માલધણીએ આડતિયા પર લખેલી હુંડી આડતિયો સ્વીકારે ત્યારે માલધણીના ચોપડામાં કયું ખાતું જમા થશે?
A. આડતમાલ ખાતું **B.** લેણીહુંડી ખાતું **C.** આડતીયાનું ખાતું **D.** દેવી હુંડી ખાતું

48. આડતિયાએ પોતે ખરીદી લીધેલા માલ ઉપર કઈ આડત ચૂકવાય છે?
A.સાદી આડત **B.** વધારાની આડત **C.** આસામી આડત **D.** આડત ચુકવતી નથી

49. આડતીયાએ રૂ.૨૫૦૦૦ નો ઉધાર માલ વેચ્યો છે. આ પૈકી રૂ. ૨૦૦૦ નો એક દેવાદાર નાદાર થતા તેના તરફથી રૂપિયે ૬૦ પૈસા મળ્યા. આડતીયાને સાદી આડત ચૂકવાય છે. તો માલધણીના ચોપડામાં.....
A. રૂ. ૧૨૦૦ ધાલખાધ ખાતે ઉધારશે **B.** રૂ. ૧૨૦૦ આડતિયા ખાતે ઉધારશે
C. રૂ. ૮૦૦ ધાલખાધ ખાતે ઉધારશે **D.** રૂ. ૮૦૦ આડતિયાં ખાતે ઉધારશે

50. બીજા વર્ષની શરૂઆતમાં આડતિયા પાસે રહેલ સ્ટોક માલધણીનાં ચોપડામાં .....
A. નફા –નુકસાન ખાતે જમા કરાય છે **B.** માલધણી ખાતે ઉધારાય છે
C. પાકા-સરવૈયામાં દર્શાવાય છે **D.** આડતમાલ ખાતે ઉધારાય છે